ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

નવસારી-વલસાડ-વાપી

તાપમાન

	મહત્તમ	લઘુતમ
નવસારી	૩૩.૦° સે.	૨૦.૦° સે.
આહવા	૩૪.૦° સે.	૧૭.૦° સે.
વલસાડ	૩૩.૦° સે.	૨૧.૦° સે.
વાપી	૩૩.૦° સે.	૨૧.૦° સે.

સ્માર્ટસિટીને શરમાવતું વલસાડનું ખજૂરડી

વલસાડ નજીકના નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી રહેલા ખજુરડી ગામમાં સ્માર્ટ સિટીને પણ ટક્કર મારે તેવા અત્યાધુનિક ગાર્ડનનું નિર્માણ

દિવાળી વેકેશનમાં પરિવાર સાથે હરવા-ફરવા માટે શ્રેષ્ઠ પર્યટન સ્થળ

વલસાડ : વલસાડ નજીકના નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી શકે એવા વિકસિત ગામ ખજુરડીમાં હાલ શહેરી વિસ્તારોને પણ શરમાવે તેવું સુંદર અને અત્યાધુનિક ગાર્ડન લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વલસાડ-ખેરગામ મુખ્ય માર્ગ પર 2 કિમી અંદર ખજૂરડી રોડ પર આવેલા આ ગામમાં 'અમૃત સરોવર યોજના' અંતર્ગત તળાવના પાણીના સંરક્ષણ અને બ્યુટિફિકેશનની સાથે તેના કિનારે એક એવો ભવ્ય બગીચો તૈયાર કરવામાં આવ્યો છે, જેની સુંદરતા અને સુવિધાઓ જોઈને શહેરીજનો પણ દંગ રહી જાય છે. દિવાળીના દિવસે લોકો માટે ખુલ્લા મુકાયેલા તળાવ કિનારે આવેલા આ ગાર્ડનમાં રાત્રિના સમયે પણ આખો પરિવાર હરવા-ફરવા અને સેલ્ફી લેવા માટે ઉમટી રહ્યા છે. શહેરીજનોને પણ આકર્ષે તેવું આ ગાર્ડન ગ્રામ્ય વિકાસનું ઉત્તમ ઉદાહરણ છે. જો વલસાડ શહેર કે આસપાસના વિસ્તારમાંથી પરિવાર સાથે નજીકમાં ક્યાંક ફરવા જવાનું આયોજન હોય, તો ખજુરડી ગામનું આ રમણીય ગાર્ડન અને તળાવ કિનારો એક શ્રેષ્ઠ પર્યટન સ્થળ સાબિત થઈ રહ્યું છે. ખજૂરડી ગામના માજી સરપંચ અને હાલ જિલ્લા પંચાયતના સભ્ય સ્નેહલ પટેલ તેમજ માજી તાલુકા ઉપપ્રમુખ દેવાંશી પટેલ દ્વારા ગ્રામજનોના સહયોગ અને લોકભાગીદારીથી ગામને આ અદભુત ભેટ આપવામાં આવી છે.





ખજૂરડીમાં ઊભી કરાયેલી સુવિધા

(1) બાળકો માટે આનંદદાયક પ્લે-એરિયા : નાના ભૂલકાઓ મોબાઇલ અને ટીવીની દુનિયાથી દૂર રહીને કુદરતી વાતાવરણમાં રમી શકે તે માટે સુરક્ષિત અને આકર્ષક રમતગમતના સાધનો સાથેનો પ્લે-એરિયા તૈયાર કરાયો છે.

(2) યુવાનો માટે ઓપન જિમ અને એક્સરસાઇઝ ઝોન: ગામના યુવાનો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહે અને નિયમિત કસરત કરી શકે તે માટે બગીચામાં જ આધુનિક એક્સરસાઇઝના સાધનો મુકવામાં આવ્યા છે.

(3) ફિટનેસ પ્રેમીઓ માટે જોગિંગ વોકવે: વહેલી સવારે તાજી હવામાં દોડવા અને ચાલવા માટે ખાસ પેવર બ્લોક સાથેનો સુવિધાજનક જોગિંગ ટ્રેક (વોકવે) બનાવવામાં આવ્યો છે, જ્યાં રોજ સવારે યુવાનો અને ગ્રામજનો કસરત કરવા ઉમટી પડે છે.

(4) વડીલો માટે શાંતિપૂર્ણ બેઠક વ્યવસ્થા: સાંજના સમયે ગામના વૃદ્ધો એકબીજા સાથે સુખ-દુઃખની વાતો કરી શકે અને નિરાંતે સમય પસાર કરી શકે તે માટે ઠેર-ઠેર આરામદાયક બાકડા મુકવામાં આવ્યા છે.

(5) Gen-Z માટે ખાસ સેલ્ફી ઝોન અને લાઇટિંગ: આજની યુવા પેઢી (Gen-Z) ને આકર્ષવા માટે ગાર્ડનમાં ખાસ થીમ આધારિત સેલ્ફી ઝોન બનાવાયો છે, તેમજ સમગ્ર બગીચામાં નયનરમ્ય લાઇટિંગ કરવામાં આવી છે જે રાત્રિના સમયે આહલાદક દ્રશ્યો સર્જે છે.

(6) રાહદારીઓ માટે ત્રણ સુંદર 'મંડુલી' (ગઝીબો): બગીચાની શોભા વધારવા અને વલસાડ-ખેરગામ રોડ પરથી પસાર થતા મુસાફરો કે મુલાકાતીઓ તડકા-છાંયડામાં વિસામો લઈ શકે તે માટે કુટીર (ગઝીબો) જેવી ત્રણ કલાત્મક 'મંડુલી' પણ તૈયાર કરવામાં આવી છે.

''રામ નામ મેં લીન હૈ, દેખત સબ મેં રામ, તાકી પદ વંદન કરું, જય જય જલારામ''

વાપી નવયુવક મિત્ર મંડળ દ્વારા જલારામ જયંતિ ઉજવાઈ



વાપી : કારતક સુદ સાતમને સોમવારના રોજ 227મી જલારામ જયંતિની ઉજવણી ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક રીતે કરવામાં આવી હતી. જેમાં વાપી ડીસીબીની પાછળ, બોરડી ફળિયામાં નવયુવક મિત્ર મંડળ દ્વારા 18 વર્ષથી જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી રહી છે. આ પ્રસંગે જલારામ બાપાની કુટિર બનાવાઈ હતી. બાપાની આરતી ઉતારવામાં આવી હતી અને સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે 1200 થી પણ વધુ ભક્તજનોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. રાત્રે ગરબાની રમઝટ બોલાવાઈ હતી. જલારામ જયંતિએ ઈશ્વર પટેલ તથા નવયુવક મિત્ર મંડળના ભક્તજનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ટુકવાડામાં જલારામ જયંતિએ ભક્તોનું ઘોડાપૂર



પારડી : પારડીના ટુકવાડા ગામે જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતી અને મંદિરના ૨૦મા પાટોત્સવની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરાઈ હતી. વહેલી સવારથી જ બાપાની વિશેષ પૂજા, મંગળા આરતી અને ભજન-કીર્તન યોજાયા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું. આ પાવન અવસરે આયોજિત મહાપ્રસાદમાં ૩,૦૦૦થી વધુ ભક્તોએ લાભ લીધો હતો. સમગ્ર ગામ 'જય જલારામ' ના નાદથી ગુંજી ઉઠ્યું હતું.

વલસાડ તાલુકામાં ઠેર-ઠેર મહાપ્રસાદનું આયોજન



વલસાડ : વલસાડ શહેર સહિત સમગ્ર તાલુકામાં સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની જન્મ જયંતિની અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે વહેલી સવારથી જ બાપાના મંદિરોમાં દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. વલસાડ શહેરમાં સ્ટેડિયમ રોડ સ્થિત મંદિર, પોલીસ ચોકીની સામે આવેલા જલારામ બાપાના મંદિર તેમજ ધોબી તળાવ વિસ્તારમાં જયંતિ મહોત્સવ નિમિત્તે વિશેષ શણગાર અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. શહેર ઉપરાંત તાલુકાના ગ્રામ્ય વિસ્તારો જેવા કે ચીખલા, ફલધરા અને નાની સરોણ ગામ ખાતે પણ જલારામ જયંતિની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ મંદિરોમાં સવારથી જ ભજન-કીર્તન અને આરતીના નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. અનેક સ્થળોએ બાપાની ભવ્ય શોભાયાત્રા પણ કાઢવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. બપોર બાદ તમામ મંદિરો અને આયોજન સ્થળોએ મહાપ્રસાદ (ભંડારા) નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું, જેનો હજારો ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

દમણમાં સંત શિરોમણિની જન્મજયંતિ ભક્તિભાવપૂર્વક ઉજવાઈ



દમણ : સંઘપ્રદેશ દમણમાં સંત શિરોમણિ જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભીમપોર સ્થિત જલારામ મંદિરમાં જય જલારામ ભક્ત મંડળ દ્વારા ૪૦મા જન્મજયંતી મહોત્સવની ઉજવણી કરાઈ હતી. બાપાની પવિત્ર પાદુકાનું પૂજન, આરતી અને સત્યનારાયણ ભગવાનની કથા જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. દર્શનાર્થે ઉમટેલા શ્રદ્ધાળુઓથી સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. બાપાના સેવાભાવ અને અન્નદાનની પરંપરાને અનુસરીને વિશાળ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગ્રામજનો, શ્રમિકો અને પરિવારો સહિત મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. સાંજે સંધ્યા આરતી, ભજનસંધ્યા અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

જલારામ જયંતિની બીલીમોરા, ગણદેવી, અમલસાડમાં ઉજવણી



બીલીમોરા : બીલીમોરા ગણદેવીમાં સોમવારે સંત જલારામબાપાની ૨૨૭મી જન્મજયંતિની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાનાં વિવિધ ગામો સ્થિત જલારામ મંદિરો તેમજ ઘરઆંગણે યજ્ઞ, પૂજન, ભજન-કીર્તન, મહાપ્રસાદ અને વિવિધ સેવાકીય મહેક પ્રસરી હતી. ઠેરઠેર અન્નક્ષેત્રો અને ભંડારાઓમાં મોટી સંખ્યામાં બાપા ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. બીલીમોરા જલારામ મંદિરે જય જલારામ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા રક્તદાન શિબિરમાં ૫૫ યુનિટ રક્ત એકત્ર થયું હતું. અહીં યજ્ઞ અને ભંડારાનો ૨૦ હજાર જેટલા ભક્તોએ લ્હાવો લીધો હતો. ગણદેવી બીલીમોરા, અમલસાડ સહિતનાં વિસ્તારોમાં જલારામ જયંતિ નિમિત્તે કાર્યક્રમોની હારમાળા સર્જાઈ હતી. વિવિધ મંદિરોમાં છપ્પનભોગ અને અન્નકૂટનાં દર્શન કરી ભક્તો પાવન બન્યા હતા. આ ઉપરાંત સત્યનારાયણ કથા, ભજન સંધ્યા, ભવાઈ, નાટક, ગરબા, દેશભક્તિ આધારિત કાર્યક્રમો તથા ભંડારાઓ યોજાયા હતા. બીલીમોરાના ગૌહરબાગ, ખાડા માર્કેટ, સરીબુજરંગ, કોથા તેમજ ગણદેવી સુગર ફેક્ટરી સામે જલારામ મંદિર, બીગરી, પોંસરી, લુહાર ફળિયામાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ધરમપુરમાં નાના ભૂલકાઓએ જલારામ બાપા તથા વીરબાઈ માતાનો વેશ ધારણ કર્યો



ધરમપુર : ધરમપુરમાં જલારામ બાપાની 227મી જન્મજયંતિ નિમિત્તે હનુમાન ફળિયાના જલારામ બાપાના મંદિરમાં ભજનોની સુરાવલીએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. શોભાયાત્રા દસોંદી ફળિયા, લક્ષ્મીનારાયણ મંદિર, મોટા બજાર, ટાવર, પ્રભુ ફળિયા અને સમડી ચોક થઈ પુનઃ જલારામ બાપાના મંદિરે પહોંચી હતી. નાના ભૂલકાઓ જલારામ બાપા તથા વીરબાઈ માતાના સુંદર વેશ ધારણ કરી શોભાયાત્રામાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતાં. સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બપોરે તેમજ સાંજે યોજાયેલી પ્રસાદીનો મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

દમણમાં ઉત્તર ભારતીય સમુદાય દ્વારા આથમતા સૂર્યને અર્ઘ્ય અર્પણ કરાયું



■ દમણ : સૂર્યદેવની ઉપાસનાના પર્વ છઠ પૂજા નિમિત્તે સંઘપ્રદેશ દમણમાં ઉત્તર ભારતીય સમુદાય દ્વારા ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દમણ પ્રશાસન અને ઉત્તર ભારતીય સેવા સંઘ દ્વારા નાની દમણ છપલી શેરી દરિયા કિનારો, કડૈયા દરિયા કિનારો તથા ડાભેલ તળાવ ખાતે વિશેષ વ્યવસ્થાઓ ઊભી કરાઈ હતી. વ્રતધારી મહિલાઓએ ડૂબતા સૂર્યને વિધિવત અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખાકારી માટે છઠ્ઠી મૈયા પાસે પ્રાર્થના કરી હતી.

નવસારીની દરેક મિલકતનો તૈયાર થશે ડિજિટલ નકશો

GUDMના અર્બન એટલાસ પ્રોજેક્ટ હેઠળ GIS ટેક્નોલોજીથી મિલકતોની વિગતો એકત્રિત કરાશે

મહાનગરપાલિકા દ્વારા સર્વેની કવાયત, એમનેક્ષ ઇન્ફોટેકની ટીમ ઘરે-ઘરે પહોંચશે

નવસારી : નવસારી શહેરની મિલકતોનું વ્યવસ્થાપન વધુ ચોક્કસ અને આધુનિક બનાવવા મહાનગરપાલિકા દ્વારા ડિજિટલ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજ્ય સરકારના ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન (GUDM)ના અર્બન એટલાસ પ્રોજેક્ટ અંતર્ગત શહેરની તમામ મિલકતોની GIS ટેક્નોલોજીથી માહિતી એકત્રિત કરી ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવામાં આવશે. આ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા એમનેક્ષ ઇન્ફોટેક કંપનીને જવાબદારી સોંપવામાં આવી છે.

આ પ્રોજેક્ટ હેઠળ સર્વે ટીમ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી મિલકતોની સ્થળ પર મુલાકાત લેશે. મિલકતોનું નિરીક્ષણ, માપણી અને જરૂરી વિગતો એકત્રિત કરીને તેનું ડિજિટલ મેપિંગ કરવામાં આવશે. આ માટે મિલકતધારકોએ મિલકત વેરાનું બિલ, વીજળીનું બિલ સહિતના જરૂરી દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવાના રહેશે.

સર્વે કામગીરી માટે આવતા કર્મચારીઓ પાસે એમનેક્ષ ઇન્ફોટેક કંપનીના અધિકૃત ઓળખપત્ર રહેશે. જેથી મિલકતધારકો સર્વે પહેલાં કર્મચારીઓની ઓળખ ચકાસી શકશે. નવસારી મહાનગરપાલિકાના વેરા વિભાગે શહેરના તમામ મિલકતધારકોને સર્વે ટીમને સહયોગ આપવા અને સાચી માહિતી પૂરી પાડવા અપીલ કરી છે. સર્વેના આધારે તૈયાર થનારો ડિજિટલ ડેટાબેઝ શહેરના ભવિષ્યના વિકાસ આયોજન, મિલકત વ્યવસ્થાપન અને શહેરી વહીવટ માટે ઉપયોગી બનશે.

સંક્ષિપ્ત સમાચાર

નવસારીનું મિની વીરપુર જલારામમય બન્યું



નવસારી : સંત શિરોમણી શ્રી જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે નવસારી શહેર અને જિલ્લામાં ભક્તિનો માહોલ છવાઈ ગયો હતો. ઠેરઠેર મંદિરોમાં પૂજા-અર્ચના, ભજન-કીર્તન અને મહાપ્રસાદના આયોજનો સાથે બાપાની જન્મજયંતીની શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ખાસ કરીને કાલિયાવાડી ખાતે આવેલા સુપ્રસિદ્ધ શ્રી ભક્ત જલારામ બાપાના મંદિર ખાતે યોજાયેલા મહોત્સવમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. નવસારીના મિની વીરપુર તરીકે ઓળખાતા કાલિયાવાડીના જલારામ મંદિરે છેલ્લા પાંચ દાયકાથી ચાલી આવતી પરંપરાને જાળવી રાખી આ વર્ષે પણ જન્મજયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસર જલારામ બાપાની ધૂન, ભજન-કીર્તન અને 'જય જલારામ... જય શ્રી રામ...'ના ગગનભેદી નાદથી ગુંજી ઊઠ્યું હતું. વિજલપોરની ગુજરાત હાઉસિંગ કોલોની સ્થિત જલારામ બાપાના મંદિરે પણ જન્મજયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. નવસારી લોહાણા સમાજ દ્વારા રામજી મંદિર ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

ચીખલી તાલુકામાં ગામે ગામ જલારામ જયંતિની મહાપ્રસાદ, ભજન કીર્તન સાથે ઉજવણી



ધેજ : ચીખલી તાલુકામાં ગામે ગામ વીરપુરવાસી જલારામ બાપાની ૨૨૭-મી જન્મ જયંતિની મહાપ્રસાદ, ભજન, કીર્તન, મહાઆરતી, શોભાયાત્રા, સત્ય નારાયણ ભગવાનની કથા સહિત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોના સથવારે ઉજવણી કરવામાં આવી હતી. કાવેરી નદીના રિવરફ્રન્ટ સ્થિત જલારામ બાપાના મંદિરે, સમરોલી આર્યા ગ્રુપે, સમરોલીમાં કુટિરનો શણગાર કરી જલાબાપાને છપ્પનભોગ ધરાવાયો હતો. સમરોલીમાં મહાપ્રસાદનો લોકો સાથે કેબિનેટ મંત્રી નરેશ પટેલે વિવિધ ગામોમાં જોડાઈ આરતીમાં ભાગ લીધો હતો. તલાવચોરા સ્થિત દેસાઇવાડ જલારામબાપા મંદિરે ગોપાલભાઇ મહારાજના વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞ પણ યોજાયો હતો. તલાવચોરાના જગદીશ્વર ધામમાં જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ ડો. અમિતા પટેલ, ભાજપના પૂર્વ મહામંત્રી ડો અશ્વિનભાઈ સહિતનાની ઉપસ્થિતિમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રેઠવાણીયા ગામે પૂર્વ સરપંચ મુકેશ પટેલના પરિવાર દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ઉપરાંત વંકાલ, મલિયાધરા, આમધરા સ્થિત જલારામધામમાં, સાદકપોર, કલીયારી, રૂમલા, મોગરા વાડી, ખૂંધ, ધેજ સહિતના ગામે ગામ જલારામ બાપાની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કોઠાર પહોંચ્યા



વલસાડ : નાનાપોંઢા ખાતે ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતી નિમિતે કાર્યક્રમમાં આવેલા રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જિલ્લા ભાજપના મહામંત્રી અને નાનાપોંઢા તાલુકાના કોઠાર ગામના વિપુલ ભોયાના ઘરે શુભેચ્છા મુલાકાતે પહોંચ્યા હતાં. વિપુલભાઈએ જણાવ્યું કે, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ મારા માટે આનંદની ક્ષણ છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંત કંસારા, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતાં. બીજી તરફ ભલે આ શુભેચ્છા મુલાકાત હોય પરંતુ નાયબ મુખ્ય મંત્રીની આ મુલાકાતે સ્થાનિક કક્ષાએ રાજકીય ક્ષેત્રે ગરમાટો લાવી દીધો છે.

નવસારીમાં જનજાતિ ગૌરવ દિવસના બેનર સાથે છેડછાડ

PM મોદી અને CM ભૂપેન્દ્ર પટેલના ફોટા કપાયેલા મળ્યા

ઝવેરી સડક પર લગાવવામાં આવેલા સરકારી બેનરની ઘટનાથી સ્થાનિકોમાં ચર્ચા

નવસારી : નવસારી શહેરમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે યોજાનારી 'જનજાતિ ગૌરવ દિવસ'ની ઉજવણીના પ્રચાર માટે લગાવવામાં આવેલા બેનર સાથે છેડછાડ થયાની ઘટના સામે આવી છે. શહેરના ઝવેરી સડક વિસ્તારમાં લગાવવામાં આવેલા એક બેનરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ફોટા કાપેલી હાલતમાં જોવા મળતાં આ બાબત સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બની છે.

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ઉજવણીના ભાગરૂપે નવસારી શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રચારાત્મક બેનરો લગાવવામાં આવ્યા છે. તે પૈકી ઝવેરી સડક પર રંગાણી હાર્ડવેરની સામે લગાવવામાં આવેલા બેનરમાં અજાણ્યા વ્યક્તિ દ્વારા ચપ્પુ અથવા બ્લેડ જેવા તીક્ષ્ણ સાધનથી બંને નેતાઓના ફોટા કાપવામાં આવ્યા હોવાનું જણાય છે.

જાહેર સ્થળે લગાવવામાં આવેલા સરકારી બેનર સાથે આ પ્રકારની ઘટના બનતાં સ્થાનિકોએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. બેનર સાથે છેડછાડ કયા કારણોસર કરવામાં આવી અને તેની પાછળ કોઈ ચોક્કસ ઈરાદો હતો કે કેમ તે અંગે હાલ કોઈ સ્પષ્ટતા થઈ નથી.

ઘટનાને પગલે બેનરને નુકસાન પહોંચાડનાર વ્યક્તિની ઓળખ અને સમગ્ર મામલે સંબંધિત તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે છે કે કેમ તે અંગે લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે.

અજાણ્યા નંબર પરથી આવેલી કંકોત્રી ખોલતા જ ફોન હેક

ખૂંધમાં વોટ્સએપ પર લગ્નની કંકોત્રી મોકલી મોબાઇલ હેક કરી રૂપિયા ૩.૨૧ લાખની ઠગાઇ

ધેજ : ચીખલીના ખૂંધ ગામે વોટ્સએપ મેસેજ મારફતે લગ્નની કંકોત્રી મોકલી મોબાઇલ હેક કરી બેંક ખાતામાંથી રૂપિયા ૩.૨૧ લાખ ઉપાડી છેતરપિંડી કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

અજાણ્યા મોબાઇલ નંબર પરથી વોટ્સએપ પર આવેલા મેસેજ બાદ મોબાઇલ હેક કરી બે બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩,૨૧,૦૦૦ ની રકમ ઓનલાઇન ટ્રાન્સફર કરી લેતા ભોગ બનનાર વ્યક્તિએ નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પોલીસ મથકેથી પ્રાપ્ત માહિતી અનુસાર ચીખલી તાલુકાના ખૂંધ પોકડા ખાતે રહેતા ધર્મેશભાઇ ખંડુભાઇ પટેલ (ઉ.વ-૪૭) ના મોબાઇલ ઉપર ૧૪-સપ્ટેમ્બર ના રોજ પોકડા સ્થિત ધર્મેશ ઓટો ગેરેજ ખાતે બેઠા હતા. દરમ્યાન તેમના વોટ્સએપ ઉપર એક અજાણ્યા નંબર પરથી લગ્નનું ઇન્વિટેશન કાર્ડ આવતા જ મેસેજ ખોલતાની સાથે ફોન હેક થઇ તેમના બે અલગ અલગ બેંક એકાઉન્ટમાંથી રૂપિયા ૩,૨૧,૦૦૦ અજાણ્યા શખ્સોએ બેંક ખાતામાંથી ઓનલાઇન ટ્રાન્સફર કરી સાયબર છેતરપિંડી આચરી હોવાનું જણાતાં તેમણે પ્રથમ નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર બાદ ચીખલી પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે અજાણ્યાં શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીઆઇ-પી.બી.પટેલીયા કરી રહ્યા છે.

ગુજરાતમાં પ્રથમ વખત આંતલીયાથી કોમ્યુનિટી મિડિએશન સેન્ટરનો પ્રારંભ

ગામ સ્તરે જે જમીન વિવાદો, પારિવારિક પ્રશ્નો અને સામાજિક ઝઘડાના સમાધાન માટે કાનૂની સેવા સત્તા મંડળની પહેલ



બીલીમોરા : ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને નવસારી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત આંતલીયાથી 'કોમ્યુનિટી મિડિએશન સેન્ટર'નો વિધિવત્ પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ પ્રસંગે નવસારી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ દ્વિવેદીની અધ્યક્ષતામાં દીપ પ્રાગટ્ય કરી સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગણદેવી તાલુકા પંચાયતનાં પ્રમુખ પુષ્પા પટેલ, ઉપપ્રમુખ મહેશ હળપતિ, કારોબારી ચેરમેન પાર્થિવ નાયક, સરપંચ સુમિત્રા પટેલ, જયેશ હળપતિ, દેવસરનાં સરપંચ ચેતનાબેન તથા ધકવાડાનાં સરપંચ નમ્રતા પટેલ, પીઆઈ કે એન સોલંકી, પરીમલ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉપરાંત પૂર્વ મામલતદાર વિજય શાને, મયંક ત્રિવેદી, માધુરી દેસાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

આ સેન્ટરનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં ઊભા થતા જમીન દબાણ, મિલકતના વિવાદો, પારિવારિક પ્રશ્નો, છૂટાછેડા સંબંધિત વિવાદો તેમજ સામાજિક તકરારોનું પરસ્પર સંવાદ અને સમજૂતી દ્વારા સ્થાનિક સ્તરે નિરાકરણ લાવવાનો છે. સામાન્ય બાબતોમાં ઊભા થતા વિવાદો સમયસર યોગ્ય માર્ગદર્શન ન મળવાથી ગંભીર સ્વરૂપ ધારણ કરતા હોય છે. આવા સંજોગોમાં પક્ષકારોને કાયદાકીય માર્ગદર્શન અને મધ્યસ્થીની સુવિધા એક જ સ્થળે મળી રહે તે આ પહેલની વિશેષતા છે. સરકાર અને કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ખાસ તાલીમ પામેલા મધ્યસ્થીઓ બંને પક્ષો વચ્ચે સંવાદ અને સમજૂતીનું વાતાવરણ ઊભું કરી વિવાદનો સુખદ ઉકેલ લાવવા પ્રયાસ કરશે. પરિણામે નાગરિકોને કોર્ટની લાંબી પ્રક્રિયા, સમય અને ખર્ચમાંથી રાહત મળી શકશે. ગુજરાતમાં પ્રથમ વખત આંતલીયા ગામેથી શરૂ થયેલી આ પહેલ ગ્રામ્ય ન્યાય વ્યવસ્થાને વધુ લોકાભિમુખ બનાવવાની દિશામાં મહત્વનું પગલું બની છે. આગામી સમયમાં આ મોડેલ રાજ્યનાં અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની શકે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.